મનરેગાના કામમાં ગેરરીતી

ગાજણ(ઓઢા) ગ્રામ પંચાયત તાબામાં થયેલ મનરેગા ભ્રષ્ટાચારમાં મેટ-ટેકનિકલ શંકાના દાયરામાં

મૃત વ્યક્તિ-સગીરને શ્રમજીવી બતાવી પૈસામાં ભાગબટાઈઃ મુદ્દો ગરમાય તે પહેલાં બચાવ પક્ષે જવાબ તૈયાર કર્યાનો ઘટસ્ફોટ

બાયડ તા.૧

માલપુર તાલુકાની ગાજણ(ઓઢા) ગ્રામ પંચાયત તાબાના વિસ્તારોમાં થયેલ મનરેગાના કામમાં ગેરરીતી આચરવામાં આવી હોવાની વિગતો બહાર આવ્યા પછી મેટ અને ટેકનિકલ શંકાના દાયરામાં આવ્યા છે. બહાર આવેલી વિગતો મુજબ ગેરરીતીનો મુદ્દો ગરમાય તે પહેલાં બંન્નેએ મીલીભગતથી ઉચ્ચ અધિકારીઓને ઉંધા ચશ્મા પહેરાવી બચાવ પક્ષે જવાબો રજૂ કર્યાનો ઘટસ્ફોટ થયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મનરેગા યોજનાના કામોથી શ્રમજીવીઓને ઘરઆંગણે રોજગારી મળી રહી છે પરંતુ કેટલાક વિસ્તારોમાં મનરેગાના કામો સામે થોકબંધ ફરિયાદો ઉઠી છે. યોજનામાં ગેરરીતી આચરવામાં ગાંધી વૈદ્યનું સહીયારુ ચાલતું હોયની રસમ અપનાવી ફરિયાદોને પાયા વિહોણી ગણવામાં આવતી હોય છે. માલપુર તાલુકાના ગાજણ(ઓઢા) ગ્રામ પંચાયત વિસ્તારમાં મૃતક અને સગીરોના મસ્ટરમાં નામ બતાવી ગેરરીતી આચરવામાં આવી હોવાની ગંભીર ફરિયાદ જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ કરવામાં આવ્યા પછી પણ કોઈ કાર્યવાહી ન થયાના આક્ષેપ લાગ્યા પછી મનરેગાની ગેરરીતીઓ જગજાહેર થઈ છે. મનરેગાના કામમાં આશ્ચર્યજનક રીતે જે વ્યક્તિ જીવિત નથી તેવા વ્યક્તિને હયાત બતાવી મસ્ટરમાં નામ બતાવવામાં આવ્યું છે જેના કારણે સામાન્ય માનવીને પણ સવાલ થઈ રહ્યો છે કે શું મૃત વ્યક્તિ મનરેગાનું કામ કરવા માટે સાઈડ ઉપર આવ્યો હશે ?? જ્યારે તે જ રીતે સગીરને પણ શ્રમજીવી બતાવી કામના પૈસા બેંક ખાતામાં જમા કરવામાં આવતાં સ્વાભાવિક રીતે જ ગેરરીતીની આશંકા દ્રઢ બની છે. જ્યારે મનરેગાના કામના સ્થળ નિરીક્ષણ માટે ટેકનિકલની સૌથી મોટી જવાબદારી બનતી હોય છે. સ્થળ ઉપર કેટલા શ્રમજીવીઓ કામ કરી રહ્યા છે, કેવા પ્રકારનું કામ ચાલી રહ્યું છે વગેરેની નોંધ ટેકનિકલે રાખી તેનો રિપોર્ટ ઉચ્ચ કક્ષાએ આપવાનો હોય છે પરંતુ મેટની સાથે ટેકનિકલ પણ ગેરરીતીમાં સંડોવાયા હોય તેવી તાસિર ઉભરીને બહાર આવી છે. ગાજણ(ઓઢા) ગ્રામ પંચાયતના મનરેગાના કામની તપાસ કરવા માટે અરજદારોએ માંગ કરી છે પરંતુ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક દ્વારા આવી કોઈ ફરિયાદ લેખિતમાં મળી નથી તેવા જવાબ અપાયા છે. પરંતુ ગેરરીતી બહાર આવે તે પૂર્વે મેટ અને ટેકનિકલ તેમજ અન્ય ભ્રષ્ટાચારી મંડળીએ પોતાના બચાવ પક્ષમાં અગાઉથી જવાબો તૈયાર કરી સમગ્ર તંત્રને ગેરમાર્ગે દોર્યાની ચર્ચા છેડાઈ છે.

અધિકારીઓની મીલીભગતની આશંકા - અરજદાર

ગાજણ(ઓઢા) પંચાયતમાં મનરેગાના કામમાં મહાકૌભાંડ આચારાયું છે ત્યારે અરજદાર પૈકીના એક અરજદાર અશોકભાઈ સુભરાભાઈ ડામોરે જણાવ્યું કે અમે નિયામક રાજેશભાઈ ચારાને ફરિયાદ કરી હતી અને છતાં જો ફરિયાદ મળી નથી તેમ કહેતા હોય તો અધિકારીઓની તળીયા સુધી મીલીભગતની આશંકા ઉભી થઈ છે. જરુર પડે અમે મુખ્ય મંત્રી સુધી અને છેવટે લોકપાલ સુધી ભ્રષ્ટાચારની ફરિયાદ પહોંચાડીશું.

ત્રિપાંખીયા જંગની સંભાવના વચ્ચે છેલ્લી ઘડીએ નવા-જૂનીના એંધાણ

બાયડ માર્કેટયાર્ડની ૧૬ બેઠકો માટે ચુંટણી જંગ, ઉમેદવારી પત્ર ભરવાની શરુઆત

તા.૧૩ એપ્રિલે મતગણતરી, ભાજપ માટે સત્તા ટકાવી રાખવાનું દબાણ

બાયડ તા.૧

બાયડ માર્કેટયાર્ડની ૧૬ બેઠકો માટે ચુંટણી જંગ જામવાનો છે. શનિવારથી ઉમેદવારી પત્ર ભરવાની શરુઆત થશે. ભાજપ કોંગ્રેસ સહિત અપક્ષ વિચારધારા ધરાવતા સહકારી આગેવાનો જંગમાં ઝંપલાવશે જેના કારણે ત્રિપાંખીયા જંગની સંભાવના છે પરંતુ પાછલા બારણે છેલ્લી ઘડીએ મોટાભાગની બેઠકો બિનહરીફ કરવાની પેરવી ચાલી રહી છે. તા.૧૨ એપ્રિલે મતદાન યોજાશે અને તા.૧૩ એપ્રિલે પરીણામ જાહેર થશે. ૧૬ બેઠકો માટે અત્યારે અનેક ઉમેદવારો મેદાનમાં ઉતરે તેવી સંભાવના વચ્ચે ખાસ કરીને ખેડૂત અને વેપારી મતવિભાગમાં ચુંટણી યોજાય તો રસાકસી ભર્યો જંગ બની શકે છે. અત્યારે માર્કેટયાર્ડમાં ભાજપનું શાસન છે ત્યારે ફરી એકવાર ભાજપ માટે સત્તા ટકાવી રાખવાનું માનસિક દબાણ ઉભું થયું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાની રાજકીય પ્રયોગશાળા તરીકે ઓળખાતા બાયડમાં કોઈપણ ચુંટણી હોય તેનો જંગ રોમાંચક હોય છે અને ક્યારે કોણ પાટલી બદલે તે કહેવું મુશ્કેલ થઈ જતું હોય છે. બાયડ માર્કેટ યાર્ડના વર્તમાન સત્તાધીશોની ૫ વર્ષની મુદત પૂર્ણ થતાં ચુંટણી અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. તમામ પ્રક્રિયા પૂરી થયા પછી ખેડૂત, વેપારી અને સહકારી વિભાગના મતદારોની આખરી યાદી જાહેર કરાઈ છે. ચુંટણી અધિકારી એસ.એમ.પટેલએ જણાવ્યું કે ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના નિયામકની સુચના અનુસરા ચુંટણી અંગેનો કાર્યક્રમ જાહેર કરાયો છે તે મુજબ તા.૧ એપ્રિલથી ઉમેદવારી પત્રો આપવાની શરુઆત થશે. જ્યારે ઉમેદવારી પત્ર ચકાસણી તા.૫ એપ્રિલના રોજ હોવાથી સાંજના ૩ કલાકે બાયડ માર્કેટયાર્ડનું ચુંટણીચિત્ર સ્પષ્ટ થઈ જશે. નિષ્પક્ષ અને ન્યાયિક ચુંટણી યોજાય તે માટે તમામ આગોતરી તૈયારીઓ પૂરી કરવામાં આવી છે. બાયડ માર્કેટયાર્ડનો ચુંટણી જંગ જાહેર થતાં ભાજપ-કોંગ્રેસના સહકારી આગેવાનોએ પેનલો ઉતારવા માટે તૈયારીઓ કરવાની સાથે અપક્ષ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા પણ તેમના કેટલાંક ઉમેદવારોને મેદાનમાં ઉતારશે તેવી ચર્ચાના કારણે ચૂંટણી જંગ વધુ રસાકસી ભર્યો બનશે તેવું જણાઈ રહ્યું છે.

૧૬ બેઠકો માત્ર ૧૦૮ ૬ મતદારો

બાયડ માર્કેટયાર્ડની ચુંટણીમાં કુલ ૧૬ બેઠકો માટે માત્ર ૧૦૮૬ મતદારો હોવાથી ચુંટણીજંગ વધુ રસાકસી ભર્યો બનશે. જ્યારે વેપારી મતવિભાગમાં અનેક વેપારીઓ લાયસન્સ ફી ભરી ન હોવાના કારણે બાયડ માર્કેટયાર્ડના વેપારી વિભાગમાં માત્ર ૬૬ મત રહ્યા છે તે જોતાં વેપારી વિભાગની ચુંટણી પણ યાદગાર બનવાની સંભાવના છે.

વિવિધ વિભાગના મતદારો

વિભાગ	બેઠક	મતદારો
ખેડૂત	૧૦	૯૦૨
વેપારી	૦૫	૯૯
સહકારી ખરીદ મંડળીઓ	૦૨	૧૧૮

ચુંટણી અંગેનો કાર્યક્રમ

ઉમેદવારી પત્રો આપવાની તા.૦૧ એપ્રિલ, ૨૦૨૩, સવારે ૧૧-૦૦ થી સાંજના ૫-૦૦
ઉમેદવારી પત્રોની ચકાસણી તા.૦૨ એપ્રિલ, ૨૦૨૩, સવારે ૧૧-૦૦ થી સાંજ સુધી
ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તા.૦૫,એપ્રિલ, ૨૦૨૩, સવારે ૧૧-૦૦ થી સાંજના ૩-૦૦
મતદાનની તા. ૧૨ એપ્રિલ,૨૦૨૩ સવારે ૯-૦૦ થી સાંજે ૫-૦૦
મતગણતરી તા.૧૩ એપ્રિલ,૨૦૨૩ સવારે ૯-૦૦ થી શરુ

પાલનપુર ખાતે શ્રી જલારામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

પાલનપુર તા.૧

પાલનપુરમાં ડીસા હાઈવે પર નવ નિર્મિત શ્રી જલારામ મંદિરનો ત્રી દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો .જેમાં આયોજિત કીર્તિદાન ગઢવી સહિતના કલાકારોના ડાયરાની રમઝટ બોલાવી હતી જેમાં ભક્તોએ રૂપિયા એક કરોડ ઉપરાંતની ચલણી નોટો સહિત સોના- ચાંદીના સિક્કાઓનો વરસાદ વરસાવ્યો હતો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર-ડીસા હાઈવે પર લડબી નદીના નાળા પાસે નવ નિર્મિત શ્રી જલારામ મંદિરમાં જલારામ બાપાની પ્રતિમાનો ત્રી દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૮, થી ૩૦ માર્ચ દરમ્યાન યોજાયો હતો. પંચ કુંડાત્મક મહોત્સવનું જલારામ માનવસેવા ટ્રસ્ટ તેમજ સમસ્ત રઘુવંશી પરિવાર દ્વારા આયોજન કરાયું હતું. જેમા બુધવાર ની રાત્રે પ્રખ્યાત કલાકાર કીર્તિદાન ગઢવી, જગદીશ ત્રિવેદી, બ્રિજરાજદાન ગઢવી, ઉર્વશી રાદડિયા ચતુર દાન ગઢવી સહિતના કલાકારોની વહેલી પરોઢ સુધી લોક ડાયરાની ભવ્ય રમઝટ જામ હતી. આ ડાયરામાં મોટી સંખ્યામાં આજુબાજુના લોકો જોડાયા હતા. અને ડાયરાની રંગત જામતા ભક્તોએ ભજનની રમઝટ વચ્ચે કલાકારો પર કરોડો રૂપિયા ઉપરાંત ની ચલણી નોટો ની સાથે સાથે સોના-ચાંદીના સિક્કાનો વરસાદ વરસાવ્યો હતો. આ ત્રી દિવસીય મહોત્સવમાં હજારો ભક્તોએ ભોજનનો લ્હાવો પણ લીધો હતો.

ડીસા નગરપાલિકા દ્વારા જાણીતી ગૌશાળા તોડી પાડવાની કાર્યવાહી

ગૌધન રઝળી પડતા ગૌ સેવકોમાં આક્રોશ

ડીસા, તા. ૧

ડીસામાં હરિઓમ સ્કૂલ પાછળ આવેલા હઠીલા હનુમાન મંદિર વાળી જગ્યામાં તત્કાલીન મહંત સ્વ. નરસિંહદાસજી મહારાજે અન્નક્ષેત્ર તેમજ ગૌશાળામાં ડીસા શહેરમાં રખડતી અને બીમાર ગૌમાતાઓની સેવા શરૂ કરી હતી. જોકે નરસિંહદાસજી મહારાજ બ્રહ્મલીન થતા તેમજ લંપી વાયરસ બાદ આ જગ્યા પર ટ્રસ્ટીઓ દ્વારા કોઈ પ્રવૃત્તિ ન થતા ડીસાના સેવાભાવિ ગૌસેવક મગશી રબારીએ અન્ય સેવાભાવીઓની મદદથી આ જગ્યા પર બીમાર ગૌમાતાઓની સેવા તેમજ રખડતા ઢોરોને ઘાસચારાની વ્યવસ્થાની જવાબદારી સંભાળી હતી.જોકે ડીસા નગરપાલિકા દ્વારા આ જગ્યા બિન નંબરી હોવાથી તેમજ આ જગ્યામાં દબાણ કરી પાકા શેડ તેમજ મંદિરો બાંધવામાં આવ્યા હોઈ, આ દબાણો દૂર કરવા મગસી રબારીને નોટીસ આપવામાં આવી હતી. આ જગ્યાની બિલકુલ પાછળ ૫૦ વીઘા જેટલી જગ્યા પણ દબાણમાં છે અને એ જગ્યામાં ગેરકાયદેસર રીતે કતલખાના ચાલી રહ્યા છે. ત્યારે પાલિકા દ્વારા ગૌ સેવા માટેની જગ્યાને નોટીસ આપતા ગૌ સેવકોમાં રોષ વ્યાપી જવા પામ્યો હતો. તેથી આ જગ્યા પર સેવા કરતાં મગસી રબારી, ગૌ સેવકો ધર્મેન્દ્ર ફોફાણી, રમેશ ઠક્કર, દીપક દેસાઈ, જયેશ દેસાઈ, યોગેશ ગોસ્વામી સહિત ગૌ પ્રેમીઓએ પાલિકાના ચીફ ઓફિસરને આવેદનપત્ર આપી આ જગ્યાનો કબજો નગરપાલિકા સંભાળી લે અને બીમાર ગૌમાતાઓ તેમજ રખડતા ઢોરોને ઘાસ નાખવાની જવાબદારી ઉપાડી લે તેવી માગ સાથે આવેદનપત્ર આપ્યું હતું.નગરપાલિકાએ ગૌશાળાની જગ્યા ખાલી કરવાની નોટિસ આપતા આ જગ્યા પર હાલમાં આશ્રય લઈ રહેલા ૧૦૦ ઉપરાંત ઢોરોની જવાબદારી હવેથી નગરપાલિકા સંભાળી લે તેમજ નગરપાલિકા આ વ્યવસ્થા કરે ત્યાં સુધી બે ત્રણ દિવસ સુધી ઘાસચારાની વ્યવસ્થા પણ ગૌ સેવકો પોતે સંભાળશે, તેમ પણ ચીફ ઓફિસરને જણાવ્યું હતું.જયારે ગૌ શાળાનો કબ્જો હાલ પાલિકા હસ્તક લેવામાં આવ્યો છે જો પાલિકા દ્વારા અબોલ પશુઓની માવજતમાં બેદરકારી દાખવશે? તો બે દિવસ બાદ ધરણાં પ્રદર્શન કરવાની ગૌ સેવકોએ ચેતવણી આપી છે. વધુમાં જણાવ્યું હતું કે ડીસા શહેરમાં રખડતાં ઢોરોને પણ સહિ સલામત સ્થળે રાખવામાં આવે જેથી શહેરમાં રખડતાં ઢોરોને કારણે સર્જાતી ઘટનાઓ બનતી અટકે અને લોકો સલામત રહે જો કે પાલિકા દ્વારા આજે ઉપરોક્ત ગૌ શાળાના શેડ તેમજ ગૌ શાળા તોડી પાડવા માટે પોલીસ સ્ટાફ સાથે અને દબાણ દૂર કરવા સાધન સામગ્રી અને નગરપાલિકા દબાણ ટીમ પહોંચી હતી અને દબાણ દૂર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી ત્યારે ગૌશાળાનુ ગૌધન રખડી પડ્યું હતું અને જાહેર માર્ગો પર ગૌધન રખડતાં જોવા મળ્યા હતા ત્યારે ગૌ સેવકોમાં રોષ ભભુકી ઉઠયો હતો.

માલપુર પોલીસના નાઈટ પેટ્રોલિંગના દાવા પોકળ, ગ્રામ્ય વિસ્તારમાં ચોર બેફામ,અણીયોર ઈલેક્ટ્રિક દુકાનમાં ૧.૮૦ લાખની ચોરી

મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લાના માલપુર નગર સહીત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ નાઈટ પેટ્રોલિંગની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે ગ્રામ્ય વિસ્તારોમાં કેમિકલ ભરેલ વાહનો ઠાલવીને જતા રહેવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થવાની સાથે ચોર-લૂંટારું ગેંગ બેફામ બની છે માલપુર તાલુકાના અણીયોર ગામમાં રોડ પર આવેલી દુકાનમાં તસ્કરો ત્રાટકી ૧.૮૦ લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ જતા દુકાન માલિક પર આભ તૂટી પડ્યું છે ગ્રામ્ય વિસ્તારમાં ચોરીની ઘટનાના પગલે લોકોમાં ફફડાટ ફેલાયો છે. અણીયોર-ઉભારણ રોડ પર આવેલી બાબા રામદેવ મોટર રીવાઈંડીંગ નામની દુકાનમાં તસ્કરો ત્રાટકી દુકાનનું શટર પર લાગેલ તાળું તોડી દુકાનમાં રહેલ મોટર રીવાઈંડીંગના માલસામાનની ચોરી કરી નાસી છૂટતા દુકાન માલિક ચોંકી ઉઠ્યા હતા અણિયોરના ઉભરાણ રોડ ૨૪ કલાક ધમધમતો રોડ છે છતાં તસ્કરો સફળ રહે છે. ભૂતકાળમાં થયેલી તસ્કરી પણ ઉકેલાયા વગરની છે. ત્યારે પોલીસ માટે પણ આવી ઘટના પડકાર રૂપ છે. ત્યારે આવી સમસ્યા નિવારવા માટે પોલીસ પેટ્રોલિંગ સઘન બનાવવા ગ્રામજનોની માગ છે.

પ્રાંતિજ અસ્થી બેંક દ્વારા પ્રયાગરાજ-બનારસ-કાશી ખાતે જઈને ગંગાજીમા અસ્થિઓનુ વિસર્જન કરવામા આવ્યા

પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલાલાના પ્રાંતિજ ખાતે કાર્યરત અસ્થીબેક દ્વારા અસ્થીબેંક મા જમા થયેલ ૭૭ અસ્થિઓને પ્રયાગરાજ-બનારસ- કાશી ખાતે લઈ જઈ ને ગંગાજી મા વિસર્જન કરવામા આવી.

પ્રાંતિજ ખાતે છેલ્લા બાર વર્ષ થી કાર્યરત અસ્થીબેક મા જમા થયેલ અસ્થિઓ હરિદ્વાર ખાતે લઈ જઈ ને ગંગાજી મા વિસર્જન કરવામા આવે છે તો અસ્થીબેંક દ્વારા અત્યાર સુધીમા ૨૦૦૦ થી પણ વધારે અસ્થિઓનુ વિસર્જન ગંગાજીમા કરવામા આવ્યુ છે તો અસ્થીબેંક મા જમા થયેલ ૭૭ અસ્થીઓનુ અસ્થીબેંક મંડળ ના સભ્ય નટુભાઈ રામજીભાઈ બારોટ અરવિંદભાઈ ગોહેલ , કરશનભાઈ સહિત મંડળ ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને અસ્થીઓની ગણતરી કરી હતી તો રાંધેજા શ્રી સોમનાથ મહાદેવ ટ્રક ના કાર્યકરો દિલીપભાઈ ચૌધરી , જીગ્નેશભાઇ પટેલ , ચિરાગભાઈ ચૌધરી દ્વારા પ્રયાગરાજ-બનારસ-કાશી ખાતે તા.૧૪।૨૦૨૩ ને શનિવાર ના રોજ અસ્થીઓને ધાર્મિક વિધિવત પુજન કરાવી ને ગંગાજીમા અસ્થીઓનુ વિસર્જન કરવામા આવ્યુ હતુ ત્યારે મંડળ ના સભ્યો ની વિનામૂલ્ય સેવા ખરેખર બિરદાવા લાયક છે.

ધાનેરામાં ઓવરલોડ પેસેન્જર ભરતાં વાહનો પર જીલ્લા ટ્રાફિક પોલીસ મહેરબાન?

પીકપ ડાલા છકડા-રિક્ષાચાલકો,ખાનગી વાહનો પર જીલ્લા ટ્રાફિક પોલીસ મહેરબાન'

ધાનેરા તા.૧

ધાનેરા તાલુકા મા ટ્રાફિક સમસ્યા વધી રઈ છે. અને લોકો પરેશાન જોવા મળી રયા છે. ધાનેરામાં પીકપ ડાલા ખાનગી છકડા-રિક્ષાચાલકોની પેસેન્જર મેળવવાની હોડનાં કારણે હાઈવે પર સર્જાતી સમસ્યાથી શહેરીજનો તોબા પોકારી ગયા છે .તેમ છતાં જીલ્લા ટ્રાફિક પોલીસ ગાઢ નિદ્રામાં પોઢી ગઈ હોય તેવો તાલ છે . આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે ,ધાનેરા માં વહેલી સવારથી ગામડાઓમાંથી તેમજ આ વિસ્તારમાં શાકમાર્કેટ અન્ય બજારો આવેલી હોવાથી દિવસ ઊગતા જ શહેર ઉપરાંત ગામડાઓના લોકો ખરીદી કરવા ઉતરી પડે છે .

ખરીદી કરી ફરી પોતાના ગંતવ્ય સ્થળે સુધી જવા માગતા ગ્રાહકોને પોતાની ગાડીઓમાં રિક્ષા અથવા તો છકડામાં બેસાડવા આવા હાઈવે વાહનચાલકો આવી ટ્રાફિક સમસ્યા સર્જી રહ્યા છે. તેમ છતાં જીલ્લા ટ્રાફિક પોલીસ માં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓના પેટનું પાણી પણ હલતું નથી તેવો બળાપો નાગરિકો વ્યક્ત કરી રહ્યા છે. સવારથી છેક રાત્રિ સુધી હાઈવે પર વાહનોની ભારે ભીડ રહેતી હોય છે .તેમાં આવા વાહનચાલકો ટ્રાફિક સમસ્યામાં વધારો કરે છે જેનાં કારણે નાગરિકો ટુ વ્હીલર ચાલકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે .ક્યારેક આ ઓવરલોડ ભરાતા વાહન ચાલકો વચ્ચે પેસેન્જર મેળવવા રીતસરની હોડ જામે છે. અને અંધાધૂંધી સર્જાય છે આ ઉપરાંત બજારોમાં પણ શોપિંગ સેન્ટરો વાળા મનફાવે તે રીતે ગાડીઓ જ્યાં ત્યાં ગાડીઓ પાર્ક કરી રયા છે. જેથી રસ્તા પણ સાંકડા પડી રહ્યા છે તેમ છતાં સવારમાં માત્ર એક આંટો મારવા આવતી ટ્રાફિક પોલીસ ગયા બાદ એકપણ ટ્રાફિક પોલીસ કર્મચારી દેખાતા નથી ખરેખર તો પોલીસે આવા ધમધમતા વિસ્તારમાં આખો દિવસ કડક બની ફરજ બજાવવી જોઈએ તેવો સૂર જાગૃતો વ્યક્ત કરી રહ્યા છે. કેટલાક નજરે જોનારા જાગૃતોના કહેવા અનુસાર ટ્રાફિક પોલીસની હાજરી સામે જ અનેક વાહનો આડેધડ ઊભા રહે છે જે ટ્રાફિકને નડતરરૂપ હોવા છતાં ટ્રાફિક પોલીસ નિક્રિય રહી જોયા કરે છે. તેવી ઘણા સમય પહેલાં કડક છાપ ધરાવતા જીલ્લા ટ્રાફિક પોલીસ અધિકારીઓ દ્વારા ટ્રાફિક સમસ્યાથી લોકોને રાહત મળે આવી જ રાહત હાલના અધિકારીઓ પાસે નાગરિકો રાખી રહ્યા છે.